



દિવાળીએ બજારોમાં ભારે ભીડ કરી તેના પરિણામો દેવદિવાળીએ જોવા મળી રહ્યા છે. કોરોનાનો વ્યાપ વધતાં લોકો હવે ફફડી રહ્યાં છે. રજાઓ હોવા છતાં બજારોમાં જરાય ચહલપહલ જોવા મળી ન હતી. લોકોએ ઘરની બહાર નીકળવાના બદલે રજાઓ પરિવાર સાથે ઘરમાં રહીને જ પસાર કરી હતી. બજારો સુમસામ જોવા મળ્યા હતા.

### ખૂણેખાંચરેથી

- સે. ૪ માં રહેતા અને નાણાં વિભાગમાં સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા મહેશ ભટ્ટનું ગઈકાલે કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે.
- ગાંધીનગર શહેરમાં એન્ટીજન ટેસ્ટની સંખ્યા ૪૯ હજારની નજીક પહોંચી છે.
- ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૮૯૨ મહિલાઓ કોરોનાથી સંક્રમિત થઈ છે જ્યારે ૧૭૦૦થી વધુ પુરૂષો સંક્રમિત થયા છે.
- ગુજરાત મિત્રના પત્રકાર અને ગાંધીનગર ખાતે રહેતા મનીષ વ્યાસનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે ૭૭મી બેઠક ચેરમેન ડૉ. રતનકુંવર ગઢવી ચારણના અધ્યક્ષપદે મનપા ખાતે મળશે.
- ગાંધીનગર રાજપુત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને મંત્રી પ્રદિપસિંહ પી. બિહોલા કોરોનાથી સંક્રમિત થયા છે.
- રાજ્યમાં બી.આર.સી. સી.આર.સી.ની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાનું ગઈકાલે આયોજન થયુ હતુ.

### રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી

# નેશનલ હાઈવે પર ટોલ ટેક્સ નાબૂદ કરનાર ગુજરાત પહેલું

## ૯૬૫ કરોડનો ઓખાથી બેટ દ્વારકા પુલ બનાવવાનું કામ ટૂંક સમયમાં જ પૂર્ણ કરી દેવાનો રાજ્ય સરકારનો દાવો

ગાંધીનગર,તા.૨૮

ભારત સરકારના નિયમ મુજબ નેશનલ હાઈવે પર ટોલ લેવાનો હોય છે પરંતુ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજુઆત કરી અમદાવાદ ગાંધીનગર એક એ શહેર છે માત્ર નામ અલગ છે. સતત લોકોની અવરજવર હોવાથી ટોલ લેવુ યોગ્ય નથી અને કેન્દ્ર સરકારે કોઈપણ ટોલ ન લેવાની મંજુરી આપી. ગુજરાત પહેલુ રાજ્ય હશે જેમાં ટોલ નહી લેવાય. એમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદમાં ઓવરબ્રિજના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન કહ્યું હતું. કોરોનામા અનેક અઘરુ હતુ છતા પ્રોજેક્ટ આગળ ચાલ્યો. ૧૫ હજાર કરોડ રૂપિયાના માર્ગ મકાન દ્વારા પ્રોજેક્ટ સાથે તમામ લોકોને રોજગારી મળે તેનો પ્રયાસ ગુજરાતમાં ભારત સરકારના સહયોગથી ચાલે છે. ત્રણ ચાર વર્ષમા ફાટક મુક્ત રાજ્યમા ગુજરાત પહેલુ રાજ્ય બનશે- નીતિન પટેલ તેમણે જણાવ્યું કે, ૯૬૫ કરોડનો ઓખાથી બેટ દ્વારકા પુલ બનાવવાનું કામ ટૂંક સમયમાં પતી જશે. તેમણે વધુમાં જણાવ્યું કે, રેલવે મંત્રીને વાત કરીને રાજ્યના અને કેન્દ્ર સરકાર ગુજરાતને ફાટક મુક્ત બનાવશે. ૭૪૦૦ કરોડના ખર્ચે ગુજરાત ફાટક મુક્ત બનશે. નગરપાલિકા અને કોર્પોરેશનની ગ્રાન્ટ આપીને શહેરમાંથી જે રેલવે લાઈન પસાર થાય છે તેને ઓવરબ્રિજ કરવામાં આવશે. આગામી સમયમાં ગુજરાતમાં ૬૮ જેટલા ઓવરબ્રિજ બનશે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના યાત્રાધામ માટે અંબાજી ડાકોર પાલીતાણા ૩૨૦ કરોડના ખર્ચે તમામ યાત્રાધામને જોડતા રસ્તાના કામ પૂર્ણ થઈ ગયા છે. ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સહયોગથી અમદાવાદમાં નિર્માણ પામેલા ૭૧ કરોડના બે ફ્લાય ઓવરનું અમિત શાહે ઈ-લોકાર્પણ કર્યુ છે. સિંધુ ભવન ચાર રસ્તા ફ્લાય ઓવર બ્રિજ અને સાણંદ જંકશન ફ્લાય ઓવર બ્રિજનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે આ પ્રસંગે મહેસૂલ મંત્રી કૌશિક પટેલ , ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મેયર બિજલ પટેલ, સાસંદ સભ્યો, ધારાસભ્યઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, અમિત શાહ વ્યસ્ત હોવા છતાં વિનંતીને માન રાખી આશિર્વાદ લોકાર્પણ કરવા એકજ મિનિટમાં સમય આપ્યો છે તેથી આભારી છીએ.

### હાઈકોર્ટના પૂર્વ જજ ડી.એ. મહેતા અધ્યક્ષ રહેશે

# ઉદય શિવાનંદ હોસ્પિ. આગની તપાસ નિવૃત જજને સોંપાઈ

## ત્રણ માસમાં રાજય સરકારને પોતાનો રીપોર્ટ સબમિટ કરશે

ગાંધીનગર,તા.૩૦

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજકોટની ઉદય શિવાનંદ આશ્રમ સંચાલિત હોસ્પિટલ ખાતે લાગેલી આગના બનાવ સંદર્ભે રાજય સરકાર અત્યંત સંવેદનશીલ છે.આ ઘટનાની ન્યાયિક તપાસ માટે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ ડીએ મહેતાના અધ્યક્ષો તપાસ પંચ નિમવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.આ તપાસપંચ હવે ઘટનાની તલસ્પર્શી તપાસ કરશે. ગૃહમંત્રી જાડેજાએ ઉમેર્યુ કે, આ ઘટનાની તપાસ માટે અગાઉ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા જસ્ટીસ કેએ પૂંજના અધ્યક્ષ પદે તપાસપંચ નીમવાની જાહેરાત કરાઈ હતી પરંતુ પૂંજ અન્ય ન્યાયીક તપાસમાં વ્યસ્ત હોવાથી તેમની વ્યસ્તતાને અને સમયના અભાવને ધ્યાને લઈને ઘટનાની ત્વરિત તપાસ થાય એ આશય થી આ નિર્ણય કરાયો છે આ અંગે આજે જાહેરનામું બહાર પાડી દેવાયુ છે. આ તપાસ પંચ આગામી ત્રણ માસમાં રાજય સરકારને પોતાનો રીપોર્ટ સબમિટ કરશે. મંત્રી જાડેજાએ ઉમેર્યુકે, અગાઉ આ ઘટનાની તપાસ કરવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી દવ્રારા હાઈકોર્ટના પૂર્વ જસ્ટીશ કેએ પૂંજના અધ્યક્ષ પદે તપાસ પંચ નીમવાની જાહેરાત કરાઈ હતી. પૂર્વ જસ્ટીશ કેએ પૂંજ અન્ય ન્યાયીક તપાસમાં વ્યસ્ત હોવાથી તેમની વ્યસ્તતા અને સમયના અભાવને ધ્યાને લઈને આ ઘટનાની ત્વરીત અને સમય મર્યાદામા તપાસ પૂર્ણ થાય તે આશયથી હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ ડીએ મહેતાની પંચના અધ્યક્ષપદે તપાસ પંચની જાહેરાત કરવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે, આગના આ બનાવ સંદર્ભે રાજય સરકાર ખૂબજ સંવેદનશીલ છે અને તેથી જ ઘટનાની સત્વરે ન્યાયીક તપાસ થાય એ માટે સરકારે ઝડપી પગલાં લઈને કમીશન ઑફ ઈક્વાયરી એકટ ૧૯૫૨(૬૦)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ ડીએ મહેતાના અધ્યક્ષપદે આ તપાસપંચ નીમવાનો નિર્ણય કર્યો છે.આ પંચ ઘટનાની તલસ્પર્શી તપાસ ની સાથે સાથે ઘટનાનો રીપોર્ટ આગામી ત્રણ માસમાં સબમીટ કરશે.

# ૫૦ કિલોમીટરના રોડ પર ટ્રાફિક સિગ્નલ વિના સુવિધા નોઈડા પછી પ્રથમવાર ગુજરાતમાં ઉભી થઈ છે

## અમિતભાઈ શાહના હસ્તે ૭૧ કરોડના ખર્ચે નવનિર્મિત સિંધુ ભવન ચાર રસ્તા અને સાણંદ જંકશન ફ્લાય ઓવરનું ઈ-લોકાર્પણ

ગાંધીનગર,તા.૩૦

આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં એસજી હાઈવે પર બનાવેલા બે





ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઓવરબ્રિજમાં સિંધુ ભવન ફ્લાય ઓવર અને સરખેજ સાણંદ ફ્લાયઓવરનો સમાવેશ થાય છે. ઓવરબ્રિજના લોકાર્પણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રુપાણી, ડેપ્યુટી સીએમ નીતિન પટેલ અને મેયર બિજલ પટેલ સહિત ૧૦૦થી વધુ હાજર રહ્યા હતા. ઓવરબ્રિજનું લોકાર્પણ થતાં હવે વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. ફ્લાય ઓવરના લોકાર્પણ સમયે અમિત શાહે કહ્યું કે, 'આજે દેવ દિવાળીના શુભ દિવસે ખૂબ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના લિંક એવા બે ફ્લાય ઓવરનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે. આ બે ફ્લાય ઓવર હજી એક શરૂઆત છે. આ ઉપરાંત બીજા સાત ફ્લાય ઓવર હજી બનવાના છે. મને આનંદ છે કે વિજયભાઈ અને નીતિનભાઈને જોડીએ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામને આગળ વધાર્યું છે. સૌથી પહેલા ગામડામાં વીજળી પહોંચાડવાનું કામ ગુજરાતે કર્યું છે. બધા જ બંદરોને રાષ્ટ્રીય રાજમાર્ગને સ્ટેટ માર્ગ સાથે જોડવાનું કામ પણ ગુજરાતે કર્યું છે. આમ દરેક ક્ષેત્રની અંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ ગુજરાતે સમગ્ર દેશમાં પહેલો નંબર જાળવી રાખ્યો છે. કોરોનાના સમયમાં પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાની જે ગતિ હતી તે રોકાઈ નથી. કોરોના કાળમાં પણ ગુજરાતે વિકાસની ગતિ જાળવી રાખી છે. ઓવરબ્રિજ લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન નીતિન પટેલે જણાવ્યું કે, અમદાવાદ શહેરમાં વાહનચાલકોને સગવડતા પ્રાપ્ત થાય તે માટે ભારત સરકારના સહયોગથી આજે બે ફ્લાય ઓવર સિંધુ ભવન ચાર રસ્તાથી જજીસ બંગલા ચાર રસ્તાના ફ્લાય ઓવર અને સરખેજથી સાણંદના ફ્લાય ઓવર તૈયાર કરવામાં આવ્યા છે. વિજય રૂપાણીએ જણાવ્યું કે, આજે રાજકોટ-ગાંધીનગર ૬ લેન હાઈવે કે જે ગુજરાતના ધોરી માર્ગ એનો પ્રથમ ચરણ આપણે બે ઓવરબ્રિજનું દેવ દિવાળીના દિવસે પ્રજા માટે લોકાર્પણ કરી રહ્યા છે. ગુજરાતે હંમેશા દુનિયાના આધુનિક શહેરનો સરખામણીને જે સારી બાબતો છે તેને અપનાવીને આપણે ગુજરાતને એક મોડલ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસ્તુત કરી રહ્યા છે. કોરોના સંક્રમણના કાળમાં લગભગ આખું વિશ્વ ઠપ્પ થઈને બેઠું છે. કોરોના વચ્ચે જાન ભી હે જહાન ભી હે એવા વડાપ્રધાનના મંત્રને લઈને ગુજરાતના વિકાસને ઝૂકવા દીધો નથી રૂકવા પણ દીધો નથી. છેલ્લા ૪ મહિનામાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાના ખાતમૂહર્ત અને લોકાર્ણ ચાલુ રાખ્યા છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં ખાતમૂહર્ત થતા હતા પરંતુ ૨૦-૨૦ વર્ષ સુધી ખાતમુહૂર્ત થયેલા પથ્થર ખોવાઈ જતા હતા. યોજના ૪ ગણી ખર્ચ થઈ જતી હતી. હવે ખાતમુહૂર્ત પણ અમે કરીએ છીએ અને સમયબદ્ધ થઈને ઉદઘાટન અને લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. અમિત શાહ દ્વારા ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સહયોગથી અમદાવાદમાં નિર્માણ પામેલા રૂ.૭૧ કરોડના ખર્ચે બનેલા બે ઓવરબ્રિજનું આજ રોજ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે, અમદાવાદમાં શહેરની સૌથી મોટી બે સમસ્યા છે જેમાં એક ટ્રાફિક અને બીજી ટ્રાફિકને કારણે થતા અકસ્માતોનો સમાવેશ થાય છે. એસ.જી. હાઈવે પરથી સૌથી વધારે ટ્રાફિક જોવા મળે છે ત્યારે બન્ને ફ્લાઈ ઓવરને ખુલ્લા મુકાતાં જ ટ્રાફિકજામની સમસ્યામાંથી પણ મુક્તિ મળશે.

# કોર્પોરેશન અને વિધાનસભાની ચુંટણીમાં શાનદાર વિજય હાંસલ કરીશુ : રૂચિર ભટ્ટ

## ગાંધીનગર મહાનગર ભાજપના ઉપપ્રમુખ તરીકે પુન : ઉરેન પટેલનો સમાવેશ ઉપપ્રમુખ સહીત મંત્રી અને મહામંત્રી સહીતના હોદેદારોને નિમણુંક અપાઇ ટીમ બીજેપી ગાંધીનગર મહાનગર એક જુથ થઇને કામ કરશે : પ્રમુખ

ગાંધીનગર તા ૩૦

શહેર ભાજપના બધા કાર્યકર્તાઓ પ્રમુખ છે. હુ તેમની સાથે ખભોખભો મિલાવી કાર્પોરેશન અને વિધાનસભાની ચુંટણીમાં જંગી બહુમતીથી જીત મેળવીશુ તેવો વિશ્વાસ છે. નવા વરાયેલા પ્રમુખ રૂચિર ભટ્ટે શહેર ભાજપના આ નવા માળખાને ટીમ બીજેપી ગાંધીનગર મહાનગર એવુ નામ પણ આપ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરના સાંસદ અમિત શાહ તેમજ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના નેતૃત્વમાં ચુંટણીમાં શાનદાર વિજય હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે વ્યકત વ્યકત કર્યો હતો.

ગાંધીનગર મહાનગર ભાજપના નવા હોદેદારોની વરણી કરવામાં આવી છે. નવા હોદેદારોમાં મહાનગર ભાજપના પ્રમુખ તરીકે રૂચિર ભટ્ટ, ઉપપ્રમુખ તરીકે ઉરેન પટેલ, ફાલ્ગુન વોરા, પરેશ પટેલ, મહિપત મિસ્ત્રી ઘનશ્યામ પટેલ, અશોકજી ઠાકોર, ગૌરાંગભાઈ વ્યાસ ડો દિવ્યાબેન પટેલનો સમાવેશ થાય છે. જયારે મહામંત્રી તરીકે કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ પટેલ, મંત્રી વાસુભાઈ પટેલ,



કૈલાષબેન લખવારા, ભાવનાબેન પાઠક, જીગ્નેશ ઠક્કર, ખોડીદાસ મકવાણા, સંગીતાબેન આર ચૌધરી, રમિલાબેન વસાવા,વીણાબા અશોકસિંહ ઝાલાનો સમાવેશ થાય છે. જયારે કોષાધ્યક્ષ તરીકે જયેશભાઈ બારોટ અને કાર્યાલય મંત્રી તરીકે નિલેશભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર ભાજપના નવા હોદેદારોએ ટીમ બીજેપી ગાંધીનગર મહાનગરને અપનાવી એક જુથ થઈને કામ કરવાનો સંકલ્પ કર્યો છે. આ તબક્કે મહાનગર ભાજપન પ્રમુખ રૂચિર ભટ્ટે જણાંવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ પ્રદેશ અધ્યક્ષના નેતૃત્વમાં અમે ગાંધીનગર કોર્પોરેશન તેમજ આગામી વિધાનસભાની ચુંટણીમાં શાનદાર વિજય હાંસલ કરીશુ.

# ગુજરાત કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના ચેરમેન જશુ પટેલ કોરોનાની ઝપેટમાં

અમદાવાદ,તા.૩૦

અમદાવાદમાં કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે ગુજરાત કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના ચેરમેન જશુ પટેલ પણ કોરોના સંક્રમિત બન્યા છે. તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. કોરોના મહામારીમાં લોકોને ઝડપથી દવા મળી રહે તેને લઈ જસુભાઈ પટેલે જહેમત કરી હતી. તેઓ મેડિકલ સ્ટોર સંચાલકો માટે હંમેશાથી લડત લડતા આવ્યા છે. જોકે તેઓ હવે કોરોના સંક્રમિત બન્યા છે.

અમદાવાદમાં કોરોના સંક્રમણની ગંભીર સ્થિતિ છે. તેમ છતાં હજુ પણ ઘણા લોકો માસ્ક પહેરવામાં બેદરકાર રહે છે. ત્યારે શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું. કોર્પોરેશનની અને પોલીસની ટીમે ચેકિંગ કરીને માસ્ક નહીં પહેરનાર લોકો સામે દંડનીય કાર્યવાહી કરી. અને તેમના કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યા.



મહારાષ્ટ્રના નાગપુરના સંતરા ખુબ જ વખણાય છે. આ વર્ષે નાગપુર અને તેની આસપાસના પંથકમાં સંતરાની ધૂમ આવક થઈ છે. ખૂબ જ આવક થતાં ભાવો નીચા આવ્યા છે. ગાંધીનગરના માર્ગો પર સંતરાના ઢગલે ઢગલાં જોવા મળી રહ્યાં છે. નાના-મોટા વેપારીઓ પાંચ-દસ કિલોના મોટા થેલા લઈને તેનુ વેચાણ કરી રહ્યાં છે.

# આંકડા છૂપાવી સરકાર લોકોના જીવ સાથે રમત રમે છે : કોંગ્રેસ

## કેસમાં વધારો થઈ રહ્યો છે : કોરોના સંક્રમણના આંકડાઓ છૂપાવવામાં બિહાર બાદ ગુજરાત બીજા ક્રમે હોવાનો વિરોધ પક્ષ કોંગ્રેસનો દાવો

અમદાવાદ, તા. ૩૦

રાજ્યમાં કોરોના વાયરસના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. અમદાવાદની હૉસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઊભરાઈ ગઈ છે આ સ્થિતિમાં કૉંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ સરકારનો ઉધડો લીધો છે. મોઢવાડિયાએ કહ્યું કે આઈસીએમઆરે આંકડા બહાર પાડ્યા તેમાં ગુજરાત બિહાર પછી દેશનું સૌથી વધુ આંકડા છુપાવનારું રાજ્ય છે. રાજ્યમાં પહેલાં સરખા ટેસ્ટ નહોતા થતા હવે પોઝિટિવ કેસનાં આંકડા અને સ્મશાનના આંકડા છુપાવવામાં આવી રહ્યા છે. મોઢવાડિયાએ પત્રકારોને જણાવ્યું કે માત્ર અમદાવાદની વાત કરવામાં આવે તો અમદાવાદમાં સરકારી ચોપડે ૨૭૩૯ કેસ જ્યારે હકીકતમાં ખાનગી હૉસ્પિટલો ફૂલ છે. એમાં ૩૧૮૨માં ૨૮૪૫ દર્દી સારવાર લઈ રહ્યા છે જયારે ૨૯૧૬ દર્દી સરકારી દવાખાનામાં છે. જયારે આઈસીયુમાં ૪૪૦ બેડ છે એમાંથી ૩૦ જ ખાલી છે. ૨૧૦ વેન્ટિલેટર ૧૪ વેન્ટિલેટર ખાલી છે. જયારે સરકારી ચોપડે માત્ર ૮૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે. આઈસીએમઆરે કહ્યું છે શિયાળાનો સ્પેલ ખૂબ જોખમી છે. અમદાવાદમાં ૪-૫ હજાર ટેસ્ટ થતા હતા ત્યારે ૩૦૦ કરતાં વધુ દર્દીઓ આવતા હતા જયારે આજે હજારોની સંખ્યામાં ટેસ્ટ થાય છે પરંતુ રેપીડ ટેસ્ટના આંકડાની કોઈ નોંધ લેવાતી નથી. સરકાર સ્મશાનના આંકડા પણ છુપાવી રહી છે, હકિકતમાં ૮-૧૦ ગણા આંકડા મોતના જ છે. મોઢવાડિયાએ કહ્યું સરકાર અધિકારીઓના રવાડે ન ચઢે અને પ્રજાને સાચી માહિતી આપે કે આટલા કેસ છે, આટલા મોત થયા છે, હકિકતમાં આ અધિકારીઓને કઈ નહીં થાય પરંતુ સરકારી પ્રજા વચ્ચે જવું પડશે. ભારતીય જનતા પાર્ટીને હું ચેતવવા માંગું છું, તમને જરૂરથી જનતા બોધપાઠ આપશે. અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે સરકાર પોઝિટિવ કેસના આંકડા તો છુપાવી જ રહી છે સાથે હૉસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા છુપાવી રહી છે. આ ઉપરાંત જે આંકડા સ્મશાનમાંથી આવી રહ્યા છે અને તેની સામે સરકાર કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા બતાવી રહી છે તેની વચ્ચે ૮-૧૦ ગણું અંતર છે. સરકારે આ આંકડા સાચા જાહેર કરી અને પ્રજાને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવું જોઈએ.